R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 34 DATE: 25-08-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## એનપીએના સંકટમાં ફસાયેલી સરકારે ભુતપુર્વ રિઝર્વ બેન્ક ગર્વનર રઘુરામ ની મદદ માંગી

કેન્દ્ર સરકાર એનપીએ(નોન પર્ફોમીંગ એસેટ)ના સંકટમાં ફસાઇ છે. હવે આ સંકટમાંથી બહાર આવવા માટે તેણે રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનર રઘુરામ રાજનને યાદ કર્યા છે. સંસદીય સમીક્ષા સમિતિના અધ્યક્ષ મુરલી મનોહર જોશીએ રઘુરામ રાજનને સમિતિ સમક્ષ હાજર થવા કહ્યુ છે. આ સંસદીય સમિતિ દેશમાં વધી રહેલા એનપીએ સંકટની તપાસ કરી રહી છે. જો કે રાજન તરફથી અત્યાર સુધીમાં કોઇ પ્રતિસાદ મળ્યો નથી. સમિતિના અધ્યક્ષે સાત ઓગષ્ટે રાજનને પત્ર લખ્યો છે અને આશા વ્યક્ત કરી હતી કે રાજન ટુંકમાં જ સમિતિ સામે હાજર થશે અને સમિતિને એનપીએની સમસ્યા અને તેનો સામનો કરવાના પ્રયાસોમાં કંઇ દિશામાં વધી રહ્યા છે તેની પર પોતાનો અભિપ્રાય રજુ કરશે. ઉલ્લેખનીય છે કે રઘુરામ રાજનનો રિઝર્વ બેન્કનો કાર્યકાળ સપ્ટે.૨૦૧૬માં પુરો થયો હતો. પરંતુ કેન્દ્ર સરકારે તેમના કાર્યકાળને વધારવાની પહેલ કરી નહોતી. જેના કારણે રિઝર્વ બેન્કના કાર્યકાળને ખતમ કર્યા બાદ અમેરિકી યુની.માં કામ લઇ લીધું હતું. સરકારે ઉર્જિત પટેલને નવા ગર્વનર તરીકનો જવાબદારી સોપી હતી.

મુરલી મનોહર જોશીએ પત્રમાં લખુંય છે કે રઘુરામ રાજન એનપીએની સમસ્યા પર પોતાનું લેખિત વક્તવ્ય આપે અને જણાવે કે એનપીએની સમસ્યા આટલી ગંભીર કેમ બની ગઇ છે અને તેને અંકુશમાં રાખવા માટે કેન્દ્રની કઇ દિશામાં કામ કરવું જોઇએ. બીજી વાત જાણવાની વાત એ છે કે સંસદીય સમિતિના અધ્યક્ષે રાજનને પત્ર લખવાનું પગલું



એવા સમયે લેવાયું છે જયારે તાજેતરમા કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે સમિતિ સામે એનપીએના મામલે પોતાનો પક્ષ મુક્યો હતો.

## કેરળમાં પુરગ્રસ્ત લોકો રાહત શિબિરોમાં આશરો લઇ રહ્યા છે ત્યારે રોગચાળાનો ભય વ્યાપ્યો છે

કેરળમાં જળપ્રલયથી ૧૦ લાખ જેટલા લોકોને રાહત શિબિરોમાં શરણ લેવું પડ્યું છે.કેરળમાં મોસમના વરસાદથી ૪૨ ટકા વધુ વરસાદ વરસી ગયો છે.ઈદુક્કી જિલ્લામાં સૌથી વધુ અસર થઈ છે ત્યાં ૯૨ ટકા વધુ વરસાદ વરસી ગયો છે.પલક્કડ જિલ્લામાં ૭૨ ટકા વધુ વરસાદ થયો છે.પુરના ચોતરફ ફેલાયેલા પાણી ધીમે ધીમે ઓસરવા લાગ્યા છે.પરંતુ વહીવટી તંત્રે રોગચાળો ફાટી નિકળે તેવી દહેશત વ્યક્ત કરી છે.રાજ્ય સરકારે ૫૬૪૫ જેટલી રાહત શિબિરો ઉભી કરી છે.જેમાં દસ લાખ લોકો આશરો લઈ રહ્યા છે.તેમની સુવિધાઓ અને સ્વચ્છતા સાચવવી એક પડકાર છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કેરળના પુરને ગંભીર પ્રાકૃતિક આપદા ઘોષિત કરી છે.સમગ્ર દેશમાં કેરળમાં રાહત સામગ્રી પહોચાડવામાં આવી રહી છે.કેન્દ્રીય મંત્રી અને કેરળના નાગરિક કે.જે. આલ્ફાન્સોએ કહ્યુ છે કે રાજ્યને કપડાં કે બીજી કોઈ વસ્તુની જરુર નથી. પણ સ્કીલ્ડ માણસોની જરુર છે.ઈલેકટ્રીશ્યન,પ્લબર અને કારપેન્ટરની સૌથી વધુ જરુરીયાત છે.પુરના કારણે કેરળમાં ૪૦૦થી વધુ લોકોના મોત નિપજ્યા છે.

## દેશના તમામ ધાર્મિક સ્થળોના ઓડિટનો સુપ્રીમ કોર્ટનો આદેશ

સુપ્રીમ કોર્ટે ધાર્મિક સ્થળો અને ચેરીટેબલ સંસ્થાઓની સાફ-સફાઇ,દેખ-રેખ,સંપત્તિ અને ખાતાઓના સંદર્ભે મહત્વનો આદેશ કર્યો છે.જેમાં જિલ્લાની કોર્ટે આ સબંધી ફરિયાદોની તપાસ કરતાં રિપોર્ટ હાઈકોર્ટને સોપવા જણાવવામાં આવ્યુ છે.ગત મહિને જસ્ટીસ આદર્શ ગોયલ અને જસ્ટીસ અબ્દુલ નઝીરે આપેલા આ આદેશ બધાજ મંદિરો,મસ્જીદ અને ચર્ચ અને બીજા ધાર્મિક ચેરીટેબલ સંસ્થાઓને લાગુ પડશે. જિલ્લા જજોના રિપોર્ટના પીઆઈએલ તરીકે ગણવામાં આવશે. જેના આધારે હાઈકોર્ટ નિર્ણય આપશે.

કોર્ટે આ મહત્વના નિર્ણયમાં જણાવ્યુ હતું કે ધાર્મિક સ્થળો પર આવતા લોકોની સમસ્યાઓને જોતાં,વ્યવસ્થાની ઉણપ,સાફ-સફાઈ, સંપત્તિની સાર-સંભાળ, અને દાનની રકમોનો યોગ્ય રીતે ઉપયોગ વગેરે મુદાઓ પર માત્ર રાજ્ય કે કેન્દ્ર સરકારે પગલાં લેવાના નથી. કોર્ટ માટે આ વિચારયોગ મુદ્દાઓ છે.

કોર્ટે આ પ્રતિક્રિયા ભારતમાં ધાર્મિક સ્થળોની સંખ્યાને જોઈને આપી છે.વર્તમાન સમયમડાં દેશમાં ૨૦ લાખથી વધારે મંદિરો, ત્રણ લાખથી વધારે મસ્જીદો અને હજારો ચર્ચો છે.એમિક્સ ક્યુરી ગોપાલ સુબ્રમણ્યમે આપેલી માહિતી મુજબ તામિલનાડુમાં જ સાત હજારથી વધારે પ્રાચીન મંદિર છે. જો કે આ આદેશથી ન્યાયવ્યવસ્થા પર દબાણ વધશે કારણકે દેશમાં ૩ કરોડ જેટલા પેડિંગ કેસો છે અને હાઈકોર્ટ તથા જિલ્લા અદાલતોમાં મોટી સંખ્યામાં પદ ખાલી છે.

જો કે મોટી સંખ્યામાં ધાર્મિક સ્થાનો નોધાયેલા નથી પરિણામે તેના ઓડિટ વિગેરે બાબતોમાં ઘણી મુશ્કેલીઓ પેદા થશે.

## રાજ્યસભાની ચુટણીમાં નોટાને મંજુરી આપી શકાય નહીં: સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે આપેલા એક મહત્વના ચુકાદામાં રાજ્યસભાની આગામી ચુંટણીઓમાં નન ઓફ એબાવ(નોટા)ના વિકલ્પનો ઉપયોગ કરવાના નિર્ણયને રદ કરી નાંખ્યો છે. ચુંટણી પંચે જારી કરેલા જાહેરનામાને રદ કરી નાંખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે રાજ્યસભાની ચુંટણીઓમાં નોટાના વિકલ્પને પરવાનગી આપી શકાય નહીં. રાજ્યસભાની ચુંટણીઓમાં બેલેટ પેપરમાં નોટાના વિકલ્પની પરવાનગી આપતાં ચુંટણી પંચના નિર્ણયને મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા,જસ્ટીસ એ. એમ.ખાનવિલકર અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે રદ કરી નાંખ્યો છે. સુપ્રીમ કોર્ટે અવલોકનમાં કહ્યુ હતું કે રાજ્યસભાની ચુંટણીઓમાં ચુંટણી પંચને નોટાના ઉપયોગની પરવાનગી આપી શકાય નહીં. નોટાનો વિકલ્પ રાજ્યસભામાં રાજ્યોને વસ્તીના પ્રમાણમાં અપાતા પ્રતિનિધિત્વ પર આડકતરી અસર કરી શકે નહીં. બેન્ચે જણાવ્યુ હતું કે નોટાનો વિકલ્પ ફક્ત સીધી ચુંટણીઓ માટે છે અને રાજ્યસભામાં એક પરિવર્તિત મત દ્વારા અપાતા પ્રતિનિધિત્વની સિસ્ટમ દ્વારા યોજાતા મતદાન માટે નથી.

શૈલેષ પરમારની અરજીને એટર્ની જનરલ કે.કે.વેણુગોપાલે સરકાર વતી સંપુર્ણ સમર્થન આપ્યુ હતું. શૈલેષ પરમારે આરોપ મુક્યો હતો કે રાજ્યસભા જેવી આડકતરી ચુંટણીઓમાં નોટાનો વિકલ્પ આપવાથી પાર્ટીના ઉમેદવારને હરાવવા માટે હોર્સ ટ્રેડીંગ, ભ્રષ્ટાચાર અને ગેરબંધારણીય પ્રવૃત્તિઓને વેગ મળશે. બંધારણીય જોગવાઈનું ઉલ્લંઘન કરીને ચુંટણી પંચ પરિપત્ર દ્વાર આ પ્રકારના આદેશ બહાર પાડી શકે નહીં. નોટાના વિકલ્પના કારણે ધારાસભ્યો પાર્ટીના વ્હીપનું ઉલ્લંઘન કરીને નોટા દ્વારા પોતાના મતને અયોગ્ય બનાવી શકે છે. ચુંટણી પંચનો પરિપત્ર બદઈરાદાવાળો હતો.

## હેટ સ્પીચ બદલ ખટલો કેમ નહીં? સુપ્રીમ કોર્ટે વેધક સવાલ કર્યો



ગોરખપુરમાં એક કથિત હેટ સ્પીચ(નફરતભર્યુ પ્રવચન) આપવા બદલ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સામે કેસ કેમ ના ચલાવવો જોઈએ તેવો સવાલ કરીને સુપ્રીમ કોર્ટે ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવ ક્રાંતિ

લોકશાહીનો ધ્વંશ થઈ રહ્યો છે તેનું તાજુ ઉદાહરણ સામે આવ્યુ છે.યુજીસી દ્વારા દેશની તમામ યુનીવરસીટીઓ અને કોલેજમાં જંકફુડના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા.અને આ માટે તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને જરુરી પગલાં ભરવાના આદેશ આપવામાં આવ્યા.યુજીસીના આ પરિપત્ર માનવ સંશાધન મંત્રાલયના એક આદેશ બાદ મોકલવામાં આવ્યો.પત્રમાં લખવામાં આવ્યુ છે કે આપવામાં આવેલ આદેશનું સખ્ત રીતે પાલન થાય તે જોવાનું છે.સ્કુલોના વિદ્યાર્થીઓના લંચ  બોક્ષ ચેક કરવાની પણ તાકીદ કરવામાં આવી.કોણ શું ખાશે અને શું પહેરશે એ બધી રીત ભાતો સરકાર નક્કી કરશે.માનવ સંશાધન મંત્રાલય આ અંગનો પરિપત્રો જારી કરશે.બંધારણે બક્ષેલા કેટલાક અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી સરકારની છે પરંતુ સરકાર જ તેનો અમલ ના કરી શકે તો બીજા પાસે અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય .વિદ્યાર્થીઓએ શું ખાવું તે માટે જાગૃતતા કેળવવી અને જ્ઞાન આપવું જરુરી છે.નહી કે સીધી તરાપ તેમના લંચ બોકસ પર મારી અને ચકાસણી કરવી.કોઈના ઘરમાં માંસ રાંધ્યુ છે કે રાખ્યું છે તેની તપાસ કરનારાઓ વગર પરિપત્રે નીકળી પડે અને પછી ઈકલાખ જેવી ઘટનાઓ સર્જાય છે.આમ તો દેશમાં અફરાતફરીનો માહોલ સર્જાય જાય તો નવાઈ નહી રહે.

યુજીસીએ આ પાછળનો તર્ક એવો બતાવ્યો છે કે યુવા લોકોની મંદસ્વીતા ઘટાડવાનો પ્લાન છે.જીવનશૈલી એવી બનાવવી કે જેથી સંલગ્ન બીમારીઓ ઘટે.પરંતુ દેશમાં કેટલાક એવા કુટુંબો છે જેમના માટે એક ટંક ખાવાના ફાંફા છે.તેનો જુગાડ સરકાર ક્યા પરિપત્રના આધારે કરશે ?`દેશમાં આરોગ્ય માટે સરકાર જાગૃતિ કેવી રીતે લાવશે.દેશમાં ભેળસેળ વાળી મળતી દવાઓને ક્યા અને કેવા પરિપત્રોથી રોકવામાં આવશે.વૈદકીય સારવારો ખુબજ ખર્ચાળ બની ગઈ છે તેનો કોઈ વિકલ્પ છે ?

માત્ર વિકાસની વાતોથી પ્રજાને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નોમાં ઝાઝી સફળતા સત્તાધીશોને મળી છે. પરંતુ ૨૦૧૪માં જે રીતે પ્રજા દોરવાઈ ગઈ હતી તેવી જ રીતે ફરીથી દોરવાશે ? આ પ્રશ્ન સહુ કોઈને સતાવે છે.ચારેકોર ડરનો માહોલ છે અને તેના કારણે પ્રજા માનસમાં શું છે તે સમજવું અઘરુ છે.ખેર,ડર બતાવીને તમે કોઈપણ વસ્તુ થોપી શકો છો. પરંતુ તેના પરિણામો કેવા આવશે તેની ખાતરી નથી. યુવા વર્ગને સતાવવામાં માહોલ બદલાઈ શકે છે. કેટલીક યુની.માં વિચાર વંટોળ તોફાની બની રહ્યો છે. ચિનગારીઓ ઉડીને આગ લગાડી શકે છે જો તેમ ના કરવું હોય તો જબરજસ્તીના પરિપત્રોનો ત્યાગ કરવો પડે.

## સાઉદી અરબમાં પહેલી મહિલા એક્ટિવિસ્ટનો શિરચ્છેદ કરાશે

સાઉદી અરેબીયા પહેલી મહિલા એક્ટિવિસ્ટના શિરચ્છેદ માટે તૈયારી કરી રહ્યો છે.આ મહિલા એક્ટિવિસ્ટને મોતની સજા ફટકારાઈ છે.તેનો અમલ શિરચ્છેદ સાથે થશે.૨૯ વર્ષની ઈસરા અલ ધોમધમને તેના પતિ મુસા અલ હાશમીની સાથે ડિસે.૨૦૧૫ના દિવસે ગિરફતાર કરાઈ હતી.બંને પર પુર્વ કાતિક પ્રાંતમાં સરકાર વિરોધી પ્રદર્શન  આયોજીત કરવાનો આરોપ હતો.રિયાધની વિશેષ અપરાધિક અદાલતમાં સુનાવણી દરમિયાન ફરિયદી પક્ષે ઈસરા અને અન્ય પાંચ આરોપીઓના આંતક વિરોધી કાયદા હેઠળ શિરચ્છેદ કરવાની માંગણી કરી હતી.કાર્યકર્તા હવે એ ચુકાદાની વિરુધ્ધ અપીલ કરી ચુક્યા છે.જેના પર ઓક્ટો.માં ચુકાદો આવશે.

## ૧૫મી ઓગષ્ટથી ૩૦૧ ટ્રેનોના ટાઇમ ટેબલ બદલાઇ જશે

ટ્રેનમાં મુસાફરી કરનારાઓ માટે મહ્ત્વના સમાચાર છે કે ઉત્તર રેલવેએ તેનું સમયપત્રક બદલતાં ૩૦૧ ટ્રેનોના સમય બદલાઈ જશે. ઉત્તર રેલવેએ ૫૭ ટ્રેનોનો ઉપડવાનો સમય વહેલો કર્યો છે. જ્યારે ૫૮ ટ્રેનોનો ઉપડવાનો સમય મોડો કર્યો છે.ઉત્તર રેલવેનું સમય પત્રક ૧૫ મી ઓગષ્ટથી બદલાઈ જશે.જેથી રેલવેમાં મુસાફરી કરનારાઓ એ સમયમાં બદલાવની નોધ લેવી.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## સ્ત્રીનું સન્માન થાય ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે

ઈશ્વર વિશે કંઈ પણ લખવું-બોલવું અતિ અઘરુ છે. એવું જ સ્ત્રી માટે પણ કહી શકાય. 'હરિ તારા નામ છે હજાર 'એમ ' નારી તારા રુપ છે હજાર ' એવું કહેવું હોય તો કહી શકાય. આપણે એ ભુલવું જોઈએ નહીં કે,સ્ત્રી એક માતા છે. ભલે એના અનેક રુપો હોય, પણ એનામાં રહેલા માતૃત્વને શત શત વંદન કરીને પછી જ સ્ત્રી શબ્દ વિશે વાત કરી શકાય.શુંગારશતકમ્ (૨૦)માં કહ્યું છે : મુખ ચંદ્રકાન્તિમણિ જેવું, કેશ ઈન્દ્રીય નીલમણિ સમાન અને હાથ પદ્મરાગમણિ જેવા હોવાના કારણે સ્ત્રીઓ રત્ન સ્વરુપ છે. એ રત્નને સાચવવાની જવાબદારી પુરુષની છે. કોઈએ કહ્યું છે : સ્ત્રીએ બ્રહ્માની ગમી જાય એવી ભુલ છે. એ ભુલ જ જગતજનની છે. મનુએ કહ્યું છે : સુયોગ્ય પત્ની પરિવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.એનામાં શું હોય છે ? એ શું કરી શકે છે ? વાલ્મીકી રામાયણ(૩-૧૩-૬)માં કહ્યું છે : સ્ત્રીઓ વિદ્યુતની ચપળતા, શસ્ત્રોની તીક્ષ્ણતા તથા ગરુડ એટલે કે વાયુની તીવ્ર ગતિનું અનુસરણ કરે છે.ધારે તે કરી શકવાની એનામાં ક્ષમતા છે.એ માત્ર પત્ની,દીકરી, માં, પ્રેમિકા, કે મિત્ર જ નથી, તે ઘણું બધું છે.વાલ્મીકી રામાયણ(૩-૪૫-૨૮)માં કહ્યું છે : સામાન્ય રીતે સ્ત્રીઓ વિનય વગેરે ધર્મો વિનાની,ચંચળ,કઠોર તથા ઘરમાં ઝટપટ કરનાર છે.એથી વધારે વિગત તો વાલ્મિકીએ પોતાના રામાયણમાં એના શ્લોકોમાં સ્ત્રીઓ વિશે કહ્યું છે: સ્ત્રીઓ માટે ન ઘર, ન ચાદરનો ઘુંઘટ,ન પડદાની ચાર દિવાલો,ન ચકચકિત પડદા ન એવા પ્રકારના રાજસત્કાર જ આડ કરવાવાળા છે.સ્વજનોનો વિયોગ થવા છતાં, યુધ્ધભુમિમાં, સ્વયંવર સભા,.યજ્ઞશાળા એ લગ્નમાં લોકોની સામે ઘુંઘટ સિવાય આવવું કોઈ દોષ નથી. ઉઘાડા મોએ આવા સમયે આવવા માં કોઈ વાંધો હોઈ શકે જ નહી.તો એમાં બીજી જગ્યાએ કહ્યું છે : શું તમે તમારી સ્ત્રીઓને સંતોષ આપો છો ? શું તે તમારા દ્વારા સુરક્ષિત છે ? તમે એમના ઉપર વધારે વિશ્વાસ તો કરતા નથી કે ? તમારી ખાનગી વાત એને કહી દેતા નથી ને ?

સ્ત્રી -સ્ત્રી(સં)બૈરી(૨)પત્ની(૩) નામ પુર્વે આવતા સ્ત્રી વાચક નારી જાતિ બનાવે છે. દા.ત. સ્ત્રી કવિ,સ્ત્રી પ્રમુખ વગેરે. મનુએ કહ્યું છે : જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે.આપણે સ્ત્રીનું સન્માન કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે આપણે માતૃત્વને વંદીએ છીએ. સ્ત્રીએ શું કરવું જોઈએ ? ઘર્માંમૃત(૧૨-૨૮)માં કહ્યું છે : કુલીન સ્ત્રીઓએ સદાય પોતાના પતિના મનને અનુકુળ વ્યવહાર કરવો જોઈએ,કારણકે પતિવ્રતા સ્ત્રીઓ ધર્મ,લક્ષ્મી,સુખ અને યશની એકમાત્ર ધ્વજા હોય છે.ઘરની ઈજ્જત, આબરુ,માન-મોભો જે કાંઈ છે તે સ્ત્રી છે.સ્ત્રી જ કુળને તારી શકે અને ડુબાડી શકે છે. જે ઘરમાં કુળવાન સ્ત્રી હોય એ ઘરમાં સદાય શાંતિ અને આનંદ હોય છે.સ્ત્રી તો કુટુંબનું નાક છે.હસતા મુખે કોઈને આવકાર આપવો, અતિથિનો સત્કાર કરીને એની સગવડ સાચવવી, ગુણવાન સ્ત્રી એ અનેક પેઢીઓ તારી શકે છે. ચાણક્યશતકમ(૯૦)માં કહ્યું છે : કિસાન માટે હંમેશા સુકાળ છે અને નિરોગી સદા સુખી છે. જેના ઘરમાં પ્રેમાળ સ્ત્રી છે એના ઘરમાં સદાય ઉત્સવ જ છે. પ્રેમ તો જગતનો શ્વાસ છે. પ્રેમાળ પત્ની એ ઘરનો દીપક છે. પ્રેમાળ સ્ત્રી તો ધુપસળી જેવી છે.જે પોતે બળીને બીજાને સુગંધ આપે છે.સ્કન્ધપુરાણ(૫૯-૨૭)માં કહ્યું છે : નિમ્ન કુળમાં જન્મેલી ભક્તિવાન સ્ત્રી જો ભક્તિમાં પુત્રની જનની હોય તો તે કુલી છે એવું હું કહું છુ. આ બધી બાબતો જ્યારે કુળભેદ હતા ત્યારની છે.સમયના પરિવર્તનની સાથે સાથે સમાજ-જીવનમાં પણ પરિવર્તન આવતું રહે છે.પણ આપણા શાસ્ત્રો-પુરાણોમાં જે બાબતો જણાવેલી છે એને સમજવાની જરુર છે.એટલા માટે આપણે તે જોઈએ છીએ.યુગોથી સ્ત્રી એ જનેતા છે અને યુગો પછી પણ જનેતા જ રહેવાની છે. એનું માન-સન્માન એજ ભાવથી થવું જોઈએ. આપણે કહીએ છીએ કે સ્ત્રીના કારણેજ ઘર ઉજળું રહે છે.શુક્રનીતિ(૧-૧૧૪)માં કહ્યું છે : સ્ત્રીઓમાં જે આસક્તિ રાખતા નથી એમના માટે તે સુખદાયક હોય છે.કારણકે ઘરના કામમાં સ્ત્રી સિવાય બીજું કોઈ સહાયક બની શકતું નથી. ઘરની નાર જો કભારજા હોય તો એ ઘર તરફ કોણ ફરકે ?જ્યાં આવકાર ન મળતો હોય, પ્રેમથી કોઈ બોલાવનાર ન હોય , એ ઘેર કોઈ જાય ખરુ ?

આમ છતાં સ્ત્રીનું મન કોઈ કળી શકતું નથી.આપણે કહીએ છીએ કે બાળક કોનું છે એ મા સિવાય કોણ જાણે ?અગ્નિની જ્વાળાઓને વશમાં કરી શકાય છે.પવનને પણ પકડી શકાય છે. છંછેડાયેલા સાપને પણ વશમાં કરી શકાય છે.પણ કામિનીઓ(સ્ત્રીઓ)નું મન વશમાં કરી શકાતું નથી.જો કે દરેકનું મન તો ચંચળ જ છે. મનને કોઈ સિધ્ધ યોગી જ વશમાં કરી શકતા હોય છે. છતાં પુરુષના મનને વાંચી શકાય છે.એવું માનવાાં આવે છે.સ્ત્રીઓ જેની સાથે રહેતી હોય,જે ઘર વાતાવરણાં જીવતી હોય, એ પ્રમાણેજ જીવવાનો પ્રયત્ન કરતી હોય છે.

ડૉ કિશોરસિંહ સોલંકી,
(સૌ. સંદેશ)

## ઇમરાનની સરકારે સરકારી મીડીયા પરથી પ્રતિબંધ હટાવ્યા

પાકિસ્તાનના નવા બનેલા વડાપ્રધાન ઈમરાનખાને સરકારી મીડીયા પર લગાવાયેલા તમામ પ્રતિબંધો હટાવી લીધા છે. એમણે પાકિસ્તાન ટીવી અને રેડિયો પાકિસ્તાન પર લાગેલી સેન્સરશીપને ખતમ કરી દીધી છે.પાકિસ્તાનના નવા સુચના અને પ્રસારણ પ્રધાન ફવાદ ચૌધરીએ ટ્વીટર પર જાણકારી આપતાં લખ્યુ કે અમારી સરકારે મીડીયાને પુર્ણ સંપાદકીય સ્વતંત્રતા આપી છે. ઈમરાનખાનના વચન અનુસાર પીટીવી પર લાગેલા પ્રતિબંધ હટાવી લેવાયા છે.પીટીવી અને રેડીયો પાકિસ્તાનને પુર્ણ સંપાદકીય સ્વતંત્રતા આપવા સબંધિત આદેશ જાહેર કરવામાં આવ્યા છે. આગામી ત્રણ મહિનામાં પાકિસ્તાનના સુચના અને પ્રસારણ વિભાગમાં ઝડપથી ફેરફાર જોવા મળશે.ફવાદ ચૌધરીએ એમ પણ કહ્યુ હતું કે ઈમરાનખાનની સરકાર અને એમની પાર્ટી પીટીઆઈ હવે રેડીયો પાકિસ્તાન અને પીટીવીને વ્યક્તિ-સંપત્તિની જેમ ઉપયોગ કરશે નહીં.પાકિસ્તાન મીડીયા અહેવાલ અનુસાર સરકાર હવે પીટીવી અને રેડીયો પાકિસ્તાનનો ઉપયોગ પાકિસ્તાનની ઈમેજ સુધારવા માટે કરશે.

મીડીયાને સ્વતંત્રતા આપતાં હવે પાકિસ્તાનમાં લોકશાહીના રક્ષણ માટે મીડીયા પોતાનો ભાગ ભજવશે અને લોકશાહી રીતે ચુંટાયેલી સરકારની લાજ રાખશે.

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# દેશમાં હિંસાને કોઇ સ્થાન નથી : ૭૨માં સ્વતંત્રતા દિનની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ કોવિંદનો પ્રજાજોગ સંદેશો : વિવાદમાં પડ્યા વગર દેશને વિકાસના માર્ગે લઇ જવા ની અપીલ

દેશના ૭૨માં સ્વતંત્રતા દિવસની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દેશની પ્રજાજોગ સંદેશો આપતાં કહ્યુ હતું કે આઝાદ ભારતમાં હિંસાને કોઈ સ્થાન નથી. લોકોએ ખોટા અને નિરર્થક વિવાદો અને ચર્ચામાં પડ્યાને બદલે વિકાસના લક્ષ્ય હાંસલ કરવા તરફ મીટ માંડવી જોઈએ.ખોટા વિવાદો સર્જીને લક્ષ્યથી ભટકી જવું જોઈએ નહીં.તેમણે દેશમાં આર્મી અને પોલીસ વિના શાંતિ અને કાયદો તેમજ વ્યવસ્થા જાળવી શકાય નહીં તેમ કહીને તેમણે સુરક્ષા દળોના વખાણ કર્યા હતા.

આર્મી અને સુરક્ષા દળો દેશની આન,બાન અને શાન છે. તેમને દેશની સરહદો રક્ષા કરવા અને આતંકવાદ સામે લડવા માટે આધુનિક હથિયારો અને સુવિધાઓ આપવી તે આપણી ફરજ છે.દેશમાં જ સંરક્ષણ સાધનો બનાવવા અને સૈનિકો માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવાની સલાહ આપી હતી.

દેશ આજે નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે સ્વતંત્રતા સેનાનીઓના સપનાનું ભારત સર્જવા તેમણે દેશવાસીઓને હાકલ કરી હતી. દેશને ગરીબી અને અસમાનતાથી મુકત કરવા આપણે હજી ઘણા કામ કરવાના છે. દેશની આઝાદીને આજે ૭૧ વર્ષ પુરા થયા છે ત્યારે તેમણે કહ્યુ હતું કે સ્વતંત્રતા સેનાનીઓએ આપણને એક આઝાદ ભારત સોપ્યું છે જેને આપણે વિકાસ અને સમૃધ્ધિના માર્ગે લઈ જવાનું છે. આપણે યુવાનોના કૌશલ્યનો વિકાસ કરીને તેમજ તેમને ટેકનોલોજી,એન્જીયરીંગ અને ઉદ્યોગોમાં તેમજ કલા અને શિલ્પ કાર્યો કરવા પ્રેરણા આપવાની છે.

# લોકસભા અને વિધાનસભાની એકસાથે ચુંટણીઓ યોજવાના ભાજપના પ્રસ્તાવને ચુંટણી પંચે નકારી દીધો

લોકસભા અને ૧૧ રાજ્યોની વિધાનસભાની ચુંટણી એક સાથે યોજવા માટે ભારતીય જનતા પાર્ટીએ મુકેલા પ્રસ્તાવનો મુખ્ય ચુંટણી કમિશ્નરે ખારીજ કરી દીધો છે.તેમણે જણાવ્યુ હતું કે કાયદાકીય માળખા વિના લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજવી શક્ય નથી.કોઈપણ વિધાનસભાના વિસર્જન અને મુદત લંબાવવા માટે બંધારણીય સુધારો કરવો જરુરી છે.મુખ્ય ચુંટણી કમિશ્નરના આ નિવેદનો લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજવાની ચર્ચા પર હાલ પુરતો પડદો પાડી દીધો છે. વન નેશન વન ઈલેકશન પરના એક સવાલના જવાબમાં તેમણે જણાવ્યુ હતું કે લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજવાના પ્રસ્તાવ પર ચુંટણી પંચે ૨૦૧૫માં જ જરુરી માહીતી અને સુચનો આપી દીધા હતા.જયારે જે રાજયની વિધાનસભાની મુદત પુરી થશે ત્યારે ચુંટણી પંચે રાજયમાં ચુંટણીનુ આયોજન કરશે.

રાવતે જણાવ્યુ હતું કે લોકસભા અને વિધાનસભાઓની ચુંટણીઓ એકસાથે યોજવા માટે મોટી સંખ્યામાં ઈવીએમ અને વીવીપીટીએમ મશીનોની જરુર પડશે. પરંતુ હાલમાં ચુંટણી પંચ પાસે એટલી સંખ્યામાં મશીન નથી.. ૨૦૧૯માં જો લોકસભા અને વિધાનસભાની ચુંટણી એક સાથે યોજવી હોય તો ૨૪ લાખ ઈવીએમ મશીન જોઈશે.આ સંખ્યા લોકસભાની ચુંટણીમાં વપરાતા ઈવીએમ કરતાં બમણી છે.કાયદા પંચ સાથેની બેઠકમાં ચુંટણી પંચે જણાવ્યુ હતું કે ૧૨ લાખ વધારાના ઈવીએમ ખરીદવા માટેપંચને રુ.૪૫૦૦ કરોડની જરુર પડશે.અત્યારે ચુંટણી પંચનો ૧૩.૯૫ લાખ ઈવીએમ ખરીદી રહ્યુ છે.જેમાંથી ૯.૩ લાખ ઈવીએમ સપ્ટે.ના અંત સુધીમાં મળી જશે.તે ઉપરાંત૧૬.૧૫ લાખ વીવીપીએટી મશી નવે.અંત સુધીમાં મળી જશે.

જો કે વિપક્ષો હજુ સુધી ઈવીએમ મશીન દ્વારા ચુંટણી થાય તે મતના નથી.કારણકે ઈવીએમ મશીનો દ્વારા ભારે ગરબડ થઈ હોવાના આક્ષેપો છે. જેથી બેલેટ પેપરથી ચુંટણી થાય તે માટે તેઓ આગ્રહી છે.હજુ સુધી કોઈ નક્કર બાબત નક્કી થઈ શકી નથી જેથી ઈવીએમ થી ચુંટણી થશે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


# લોકસભાના ગૌરવવંતા સ્પીકર સોમનાથ ચેટરજીનું નિધન

લોકસભાના ગોરવવંતા સ્પીકર સોમનાથ ચેટરજીનું ૮૯ વર્ષની વયે નિધન થયું છે.વિક્રમજનક ૧૦ વખત લોકસભાના સાંસદ તરીકે ચુંટાયેલા ચેટરજી છેલ્લા કેટલાક દિવસોથી કિડની સબંધી બિમારીથી પીડાઈ રહ્યા હતા.કોલકત્તાની એક હોસ્પીટલમાં તેઓ ખરાબ તબીયતને કારણે દાખલ થયા હતા.જ્યાં તેમનું નિધન થયું હતું. તેમના અવસાન નિમિત્તે દેશના નેતાઓએ તેમને શ્રધ્ધાંજલિ અર્પી હતી.વડાપ્રધાને તેમને શ્રધ્ધાંજલિ આપતાં કહ્યુ હતું કે તેઓ ર ાજનીતિના પંડિત હતા.ચેટરજી ૨૦૦૪થી ૨૦૦૯ સુધી લોક સભાના અધ્યક્ષ રહ્યા હતા.એક વખત ૧૯૯૪માં તેમને મમતા બેનરજી સામે હારનો સામનો કરવો પ ડ્યો હતો.તેઓ ૧૯૮૯થી ૨૦૦૪ સુધી લોકસભામાં સીપીએમના સંસદીય દળના નેતા રહ્યા હતા.

# એન્ટીગુઆએની સરકારે મેહુલ ચોકસીને ભારતને સોપવા માટે નનૈયો ભણ્યો

પંજાબ નેશનલ બેન્કનું ૧૩૦૦૦કરોડથી વધારે રકમનું ફુલેકું ફેરવી દેશ છોડી ભાગી ગયેલા વેપારી મેહુલ ચોકસીનું પ્રત્યાર્પણ કરવા એન્ટિગુઆની સરકારે નનૈયો ભણી દીધો છે.ત્યાંની સરકારે જણાવ્યુ હતું કે ચોકસીને અમારા દેશના કાયદા અને નિયમો પ્રમાણે નાગરિકતા અપાઈ છે. તેથી તેમનો પાસપોર્ટ રદ કરી શકાય નહીં.અમારુ બંધારણ મેહુલ ચોકસીની દરપકડ કરવાની પણ પરવાનગી આપતું નથી. તે ઉપરાંત એન્ટીગુઆએ અને ભારત વચ્ચે પ્રત્યાર્પણ સંધિ નથી તેથી અમે મેહુલ ચોકસીને સામે કોઈ પગલાં લઈ શકીએ નહીં.અમે અમારા નાગરિકની સુરક્ષા કરીશું.

ભારત સરકારે થોડાક દિવસો પહેલા એન્ટીગુઆએની સરકારને મેહુલ ચોકસીના પ્રત્યાર્પણ માટેની વિનંતી મોકલી આપી હતી.ભારતીય વિદેશ મંત્રાલયના અધિકારીઓની એક ટીમ એન્ટીગુઆનાના અધિકારીઓને મળી હતી. અને તેમણે તેમને ચોકસીના ભારતમાં પ્રત્યાર્પણના દસ્તાવેજો આપ્યા હતા.ભારત સરકારે અત્યાર સુધીમાં ચોકસીના પ્રત્યાર્પણ માટે ત્રણ વિનંતીઓ મોકલી છે.જેને ત્યાંની સરકારે નકારી કાઢી છે.ભારત સરકાર પર તમામ દોષ મુકતાં એન્ટીગુઆ સરકારે જણાવ્ય હતું કે મેહુલ ચોકસી સામે કોઈ રેડ કોર્નર નોટીસ જારી કરાઈ નથી.

એન્ટીગુઆની સરકારે કહ્યુ હતું કે મેહુલ ચોકસીએ મે ૨૦૧૭માં નાગરિકતા માટે અરજી કરી હતી. જરુરી નિયમો પ્રમાણે ભારત સરકારે ઓલ ક્લિયરનું પ્રમાણપત્ર આપ્યા પછી નવેમ્બર૨૦૧૭માં મેહુલ ચોકસીને એન્ટિગુઆની નાગરિકતા આપવામાં આવી હતી .

ભારત સરકારે રહી રહીને ૩ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ એન્ટીગુઆનો પ્રત્યાર્પણ કાયદા ૧૯૬૨માં સમાવેશ કર્યો હતો.વિદેશમંત્રાલયે જણાવ્યુ હતું કે એકસ્ટ્રાડિકશન એક્ટ ૧૯૬૨ની જોગાવાઈઓ એન્ટીગુઆ અને બાબુડાને પણ લાગુ પડે છે.એન્ટીગુઆના એકસ્ટ્રાડિક્શન એક્ટ ૧૯૯૩ની જોગવાઈઓ અંતગર્ત ભારત કોમનવેલ્થ દેશ છે.બંને દેશ કોમનવેલ્થ સમુદાયના સભ્ય હોવાથી પ્રત્યાર્પણ સંધિ આપોઆપ લાગુ થાય છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# કોલેજો-યુની.ઓમાં જંકફુડના વેચાણ પર યુજીસીનો પ્રતિબંધ

યુનીવરસીટી ગ્રાન્ટ કમિશન(યુજીસી) દ્વારા દેશની તમામ યુનીવરસીટીઓ અને કોલેજમાં જંકફુડના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા છે.અને આ માટે તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને જરુરી પગલાં ભરવા આદેશ આપવામાં આવ્યા છે.યુજીસી એ યુની.ને મોકલેલા પત્રમાં કહેવામાં આવ્યુ છે કે કોલેજમાં જંકફુડ પર પ્રતિબંધ મુકવા એ નવા માપદંડ પ્રસ્થાપિત કરશે. વિદ્યાર્થીઓના જીવનને શ્રેષ્ઠ બનાવશે.શીખવાની પ્રક્રિયા વધારે સારી કરશે અને વિદ્યાર્થીઓમાં મેદસ્વીતાનું પ્રમાણ ઘટી જશે.આ નિર્ણયને કારણે જીવનશૈલી સંલગ્ન બીમારીઓને અટકાવશે, જે મેદસ્વી પણા સાથે સીધો સબંધ ધરાવે છે.યુજીસીએ આ પરિપત્ર માનવ સંસાધન વિકાસ મંત્રાલયના એક આદેશ બાદ મોકલવામાં આવ્યો છે.મંત્રાલયે યુજીસીને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં જંકફુડના વેચાણ પર પ્રતિબંધ લગાવવાના નિર્દેશનો પરિપત્ર કહેવામાં આવ્યુ છે કે તમને વિનંતી છે કે આ સલાહનું સખ્ત રીતે પાલન થાય અને યુવા પેઢીને આ અંગે જાગૃત કરો.આ પહેલા સીબીએસઇ દ્વારા પણ સ્કુલોની કેન્ટીનના મેન્યુમાંથી જંકફુડ હટાવવાનો આદેશ આપ્યો હતો.સ્કુલોના વિદ્યાર્થીઓના લંચબોક્સની તપાસ કરવી અને સમતોલ આહાર અંગે જાગૃતિ લાવવા માટે આદેશ કરાયો હતો.

# ભારતે ઇગ્લેન્ડ સામે ત્રીજી ટેસ્ટમાં વિજય મેળવીને સીરીઝ જીવંત રાખી

ઇંગ્લેન્ડમાં ભારત સાથે રમાઇ રહેલી ક્રિકેટ ટેસ્ટ મેચોમાં પ્રથમ બે ટેસ્ટમાં કારમી હાર બાદ ત્રીજી ટેસ્ટમાં ભારતે વળતો પ્રહાર કરીને ૨૦૩ રનના વિશાળ માર્જીનથી ત્રીજી ટેસ્ટ જીતી લીધી હતી.ભારતે આ વિજય મેળવીને સીરીઝ જીવંત રાખી હતી.હવે બાકી બે ટેસ્ટ મેચ રસપ્રદ બની જશે. જો કે ઇંગ્લેન્ડ હજુ ૨-૧ની સરસાઇ ધરાવે છે.વિરાટ કોહલીને મેચ ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.ટેસ્ટ ઇતિહાસમાં પહેલી વાર ભારત માટે એક ટેસ્ટમાં ઝડપી બોલરને ફાળે આટલી વિકેટો આવી છે. આ મેચમાં ભારત માટે સૌથી હકારાત્મ પાસું એ હતું કે ભારતીય ટીમે મેચ દરમિયાન હરીફ ટીમ પણ સંપુર્ણ વર્ચસ્વ જમાવ્યુ હતું.

ભારતીય સુકાની વિરાટ કોહલીનું કહેવું છે કે ઇંગ્લેન્ડમાં પ્રથમ બે ટેસ્ટમાં પરાજય બાદ લોકોએ અમારી ક્ષમતાઓ પર વિશ્વાસ કરવાનું બંધ કરી દીધું હતું. પરંતુ અમે વિશ્વાસ ગુમાવ્યો ન હતો. ભારતે ત્રીજી ટેસ્ટ ક્રિકેટમાં મેચમાં ઇંગ્લેન્ડ સામે ૨૦૩ રને વિજય નોધાવ્યો હતો. આ સાથે બારતે પાંચ મેચની શ્રેણી ૨-૧થી જીવંત રાખી હતી.જો કે પ્રથમ બે ટેસ્ટમાં કારમી હાર બાદ ભારતીય ટીમની આકરી ટીકાઓ થઇ હતી.પરંતુ કોહલીએ તેના પ્રશંશકોને કહેવું પડ્યુ કે અમારી પર ભરોસો રાખો.અને ભારતે કરી દેખાડ્યું ત્રીજી ટેસ્ટમાં બધાજ પાસામાં ભારતે શ્રેષ્ઠ દેખાવ કર્યો અને બાજી મારી દીધી. ભારતે ૩૨ વર્ષે ઇંગ્લેન્ડની ધરતી પર સૌથી મોટો વિજય મેળવ્યો.

# દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડા ફોડવા પર સંપુર્ણ પ્રતિબંધ લાદવા કેન્દ્ર સરકારનો ઇન્કાર

દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડાના વેચાણ પર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ લાદવાની માંગ નકારી કાઢતા કેન્દ્ર સરકારે તહેવારોમાં પ્રદુષણ પર નિયંત્રણ રાખવાના વૈકલ્પીક પગલાં તરીકે ગ્રીન ક્રેકર્સનું ઉત્પાદન કરવા, મોટા શહેરોમાં સામુદાયિક આતશબાજીને પ્રોત્સાહન આપવા તથા ફટાકડાની લુમના ઉત્પાદન પર પ્રતિબંધ લાદવાના સુચનો કર્યા છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે રાજ્ય સરકારો ફટાકડા અને આતશબાજી માટે અગાઉથી ચોક્સ વિસ્તારો નિર્ધારિત કરી શકે.હવામાં માઝા મુકી રહેલા પ્રદુષણનો ઉલ્લેખ કરી ફટાકડાની વપરાશ,ઉત્પાદન અને લાઇસન્સ, વેચાણ, પુનઃ વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ લાદવાની સંખ્યાબંધ અરજીઓ જસ્ટીસ એ.કે.સિકરી અને જસ્ટીસ અશોક ભુષણની બેન્ચે સુનાવણી હાથ ધરી હતી.

દિવાળીમાં પ્રદુષણ ઘટાડવા માટે કાઉન્સીલ ફોર સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટીયલ રિસર્ચ,નેશનલ એન્વારમેન્ટ એન્જી.રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ, પેટ્રોલિયમ એન્ડ એકસપ્લોઝીવ ઓરગે.સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની મદદ લેવાશે.

ફટાકડાના ગનપાઉડરમાં હલકી ગુણવત્તા ચકાસવા રો મટીરીટલ ચકાસણી કેન્દ્રો શરુ કરાશે.

ઓછું પ્રદુષણ ઓકતાં ફટાકડાનો ઉપયોગ કરાય.ફટાકડાના ઉત્પાદનમાં અપાયેલ રસાયણો અને નક્કી કરાયેલા ડેસીબલ લેવલનો જ ઉપયોગ કરાય. કાયદાઓ હોવા છતાં લોકો તેનો ભંગ કરતા જ રહે છે પાલન કરાવનારની જાગૃતિ જોઇશે.

# મધ્યપ્રદેશમાં દલિત યુવતીની પથ્થરો મારીને હત્યા કરી દેવાઇ

મધ્યપ્રદેશના સિનોઇમાં એક દલિત વિદ્યાર્થીનીને વાળ પકડીને બહાર ઢસડી લાવ્યા બાદ તેને પથ્થરો મારી મારીને મારી નાંખવામાં આવતાં સનસનાટી મચી ગઇ છે.પોલીસના જણાવ્યા પ્રમાણે આ વિદ્યાર્થીની પર એવું દબાણ કરવામાં આવી રહ્યું હતું કે તે જાતીય સતાવણીની ફરિયાદ પાછી ખેચી લે.ભોપાલથી ૩૫૦ કી.મી. દુર નેતાજી સુભાષચંદ્ર બોઝો સરકારી ગર્લ્સ સ્કુલમાંથી આ વિદ્યાર્થીની બહાર આવી રહી હતી.ત્યારે આ ઘટના બની હતી.૩૮ વર્ષનો અનિલ મિશ્રા તેના બાઇક પરથી નીચે ઉતર્યો હતો અને વિદ્યાર્થીનીને વાળ પકડીને ઢસડી ગયો હતો.તેણે તે પછી તેને માથામાં પથ્થર મારી મારીને તેણીને મારી નાંખી હતી.તેમ કોતવાલી પોલીસ સ્ટેશનના ઇનચાર્જ અરવિંદ જૈને કહ્યુ હતું.

# ૧ સપ્ટેમ્બરથી યુરોપ દેશમાં હેલોજન બલ્બ પર પ્રતિબંધ

પ્રથમ સપ્ટેમ્બરથી યુરોપિયન સંઘે હેલોજન બલ્બ પર પ્રતિબંધ મુકી દીધો છે. હવે સંઘના દેશોમાં એલઇડી લાઇટનો ઉપયોગ વધશે. જો કે ઉત્પાદકો તેમનો જથ્થો વેચી શકશે. પણ ૧લી સપ્ટે.૨૦૧૮થી નવો ઓર્ડર લઇ શકશે નહીં.

આ પ્રતિબંધ યુરોપિયન સંઘના ઉર્જાના નિયમોનો આખરી તબક્કો છે.આ નિયમો હેઠળ ઓછી અસરકારક પ્રકાશ સ્ત્રોત્રોને પ્રતિબંધિત કરાઇ રહ્યા છે.આ પ્રતિબંધ યુરોપીયન સંઘમાં ઉર્જાની અસરકારતા વધારવા અને કાર્બન ફુટપ્રિન્ટ ઘટાડવાના હેતુથી થઇ છે. સંઘે ૨૦૦૯ના પ્રારંભમાં જ પરંપરાગત બલ્બો પર પ્રતિબંધ મુકી દીધો હતો.

નવા જાહેરનામાં સાથે પરંપરાગત બલ્બ ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે. પરંતુ ઓવન લાઇટ જેવા કેટલાક હેલોજનને આ પ્રતિબંધમાંથી બાકાત રખાયા છે.ઓછા વોલ્ટેજના રિફ્લેકટર બલ્બ ઉપર પ્રતિબંધ મુકાયો નથી. પ્રતિબંધ પાછળનું કારણ એ પણ છે કે હેલોજન બલ્બ કરતાં એલઇડી લાઇટ ઓછી ઉર્જા વાપરે છે.

# પંજાબમાં ઇશનિંદા માટે આજીવન કેદનો કાયદો

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંઘે પાકિસ્તાન જેવો કાયદો લાવીને નવો વિવાદ સર્જયો છે.કેપ્ટન અમરિન્દરસિંઘે પંજાબમાં પાકિસ્તાન જેવો ઇશનિંદા કાયદો લાવ્યા છે.જેના અંતગર્ત ધાર્મિક ગ્રંથોનું અપમાન કરવા અંગે આજીવન સજા સુધીની જોગવાઇ છે. પંજાબ કેબિનેટે ધાર્મિક ગ્રંથોનો અનાદર કરનારા દોષિતોને આજીવન કેદની સજા આપવા માટે આઇપીસી અને સીઆરપીસીમાં સંશોધનોના પ્રસ્તાવ અંગેના બિલના મુસદાને મંજુરી આપી દીધી છે. જેને પાકિસ્તાનમાં ઇશનિંદા કાયદા જેવો કઠોર કાયદો ગણવામાં આવે છે.પંજાબના મંત્રી નવજોતસિધ્ધુ ઇમરાનખાનના શપથગ્રહણ માટે પાકિસ્તાન ગયા અને સેના પ્રમુખને ભેટ્યા તે પણ વિવાદમાં હાલમાં છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૯૮

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.